**સુરત મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિની તા.૧૫–૪–૨૦૨૫ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

**********

મ્યુ.કમિશનરશ્રીના તા.૭–૩–૨૦૨૫ ના પત્ર નં.સીમીસ/૨/૮ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાના હસ્તકની વિવિધ આરોગ્યલક્ષી કચેરીઓ ખાતેની તેઓની જરૂરીયાતને અનુલક્ષીને રૂદરપુરા હેલ્થ કેમ્પ(સ્ટોર) ખાતેથી વિતરણ કરવામાં આવતી સ્વચ્છતા વિષયક સાધન–સામગ્રીઓ ખરીદવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરરશ્રી સુરત મહિલા કુટીર ઉધોગ સહકારી મંડળી, સુરત પાસેથી ટેન્ડરની શરતો અને સ્પેશીફીકેશન મુજબ નાયલોન બ્રશના હાથા નંગ ૩૦,૦૦૦ પ્રતિ નંગ રૂા.૫૩.૯૮ (તમામ કર સહિત) લેખે કુલ રૂા.૧૬,૧૯,૪૦૦/– ના ખર્ચે, તેઓએ તેમના તા.૧૨–૦૨–૨૦૨૫ અને તા.૨૫–૦૩–૨૦૨૫ ના પત્રોથી એન્વાયરોમેન્ટ ઈજનેરશ્રી, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને ઉદ્દેશીને આપેલ લેખિત સંમતિને આધિન ખરીદી કરવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧/૨૦૨૫ સર્વાનુમતે મંજુર.**

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૫–૨૦૨૫.

*UDT*

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”

FOR INFORMATION PURPOSE ONLY

**સુરત મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિની તા.૧૫–૪–૨૦૨૫ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

*** * * * * ***

**મ્યુ.કમિશનરશ્રીના તા.૭–૪–૨૦૨૫ ના પત્ર નં.સીમીસ/૨/૧ થી વિદિત થઈ, સાઉથ વેસ્ટ ઝોન, ટી.પી.નં.૨૮(અલથાણ ભટાર), ફા.પ્લોટ નં.૫૧, સોહમ સર્કલ નજીકનું અલથાણ ભટાર કોમ્યુનીટી હોલ અને પાર્ટી પ્લોટના તમામ માળ, દાદર, કોમન પેસેજ, ખુલ્લી/ માર્જીનની જગ્યામાં હાઉસકિપીંગના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી ખોલવામાં આવેલ પ્રાઈસ બીડના કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર શ્રી વાલ્મિકી યુવક સેનેટરી માર્ટ સહકારી મંડળીનું માસિક ખર્ચ રૂા.૫૨,૦૯૯/– પ્રમાણે વાર્ષિક ખર્ચ રૂા.૬,૨૫,૧૮૮/– તથા ત્રણ વર્ષનો ખર્ચ રૂા.૧૮,૭૫,૫૬૪/– ના ખર્ચે ઉકત કામ સોંપવાનું તેમજ એક(૦૧) વર્ષની કામગીરી પૂર્ણ થતા સમીક્ષા કરી કામગીરી સંતોષકારક જણાય તો વધુ ૦૧(એક) + ૦૧(એક) વર્ષ માટે અગાઉના વર્ષના મંજુર થયેલ ભાવ મુજબ જ સદર કામગીરી સોંપવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.**

**ઠરાવ નં.૨/૨૦૨૫ સર્વાનુમતે મંજુર.**

---

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

**સહી/–**
**ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,**
**સુરત મહાનગરપાલિકા**
**તા. –૫–૨૦૨૫.**

*UDT*

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”
FOR INFORMATION PURPOSE ONLY

FOR INFORMATION PURPOSE ONLY

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”